VĀMĀ WELLNESS CENTRE FOR WOMEN Inspiring better health

A Special Editon on WORLD IVF DAY

IVF NEWS

rupal HOSPITAL Fertility (IVF) & Women's Healthcare

SURAT, SUNDAY, 25/07/2021

# જીત માતૃત્વની

## સ્વીકાર સ્ત્રીત્વનો!



આજે **વર્લ્ડ IVF ડે** છે. IVFએ મેડિકલ વિજ્ઞાનની એક એવી ઐતિહાસિક શોધ છે જે એક સ્ત્રી અને પુરૂષની માતા-પિતા બનવાની ઉમ્મીદ, સપનાં, ઇચ્છાને જીવતાં રાખે છે અને સાચા પણ પાડે છે. આજે **રૂપલ હોસ્પિટલ** તમારા માટે IVFનાં કેટલાક એવા કિસ્સા લઇને આવી રહી છે જે કિસ્સા તમને માતા-પિતાને વંદન કરવા મજબૂર કરી દેશે.

## જીવનમાં 'મા' બનવું કેમ જરૂરી છે ?

**એક પ્રયોગ : નીચે આપેલા વાક્યમાંથી અમે 'મા' અક્ષર હટાવી દીધો છે. હવે આ વાક્યનો કોઇ મતલબ રહેતો નથી.**

~~મા~~ જેવી વ્યક્તિ જગત~~માં~~ ક્યાંય નહીં મળે. પોતાનાં શરીરનાં ભોગે બાળકને જન્મ આપતી ~~મા~~ વિનાનાં જીવનની કલ્પના મુશ્કેલ છે. જગત~~માં~~ દરેક મહાન પુરુષોનાં ઘડતર~~માં~~ ~~મા~~તાનો ફાળો અનન્ય રહ્યો છે. ~~મા~~ આપણા~~માં~~ જીવતી રહે છે સદાય. તમારા~~માં~~ જીવતી તમારી ~~મા~~તાને વંદન!

નીચેના આપેલા આઇકોન પર ક્લિક કરી તમે અમને ફોલો કરી શકો છો...

rupalhospital | @rupalhospital | www.rupalhospital.com

## ટેસ્ટ–ટ્યુબ બેબી (IVF) સારવારની તબક્કાવાર સમજણ



૧. IVF નિષ્ણાંત સાથેની મુલાકાત



૨. લોહી, વીર્ય અને અન્ય જરૂરી તપાસો



૩. હોર્મોન્સના ઈન્જેકશનો દ્વારા ઓવેરિયન સ્ટીમ્યુલેશન



૪. બીજાશયમાંથી સ્ત્રીબીજ મેળવવા માટેની 'ઓવમ પીકઅપ' પ્રક્રિયા અને પુરૂષના શુક્રાણુઓ મેળવવા



૫. એમ્બ્રિયોલોજી લેબોરેટરીમાં સ્ત્રીબીજ અને શુક્રાણુના ફલીકરણથી ગર્ભ બનાવવાની પક્રિયા



૬. ગર્ભને ગર્ભાશયમાં મુકવાની પ્રક્રિયા (એમ્બ્રિયો ટ્રાન્સફર)



૭. IVF સારવારના પરિણામ માટેનો HCG test



૮. ગર્ભસ્થ બાળકની સોનોગ્રાફી

# આઇ.વી.એફ સારવાર એટલે શું ?

**જ્યારે દંપતીને કુદરતી સમાગમથી બાળક જન્મી શકતું ન હોય ત્યારે મેડિકલ સાયન્સ દ્વારા તેમને બાળક થઇ શકે તે માટે જે સહાયકારી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. તેને આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનિક (ART) કહે છે. IVF આવી જ એક આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનિક છે. IVF અથવા ટેસ્ટ-ટ્યુબ બેબી ટ્રીટમેન્ટના સ્ત્રી સ્ત્રીબીજ અને પુરુષના શુક્રાણુને સ્ત્રીના શરીરની બહાર મેડિકલ લેબમાં ફલિત કરાવવામાં આવે છે. ત્યારબાદ આ ફલિત થયેલા ગર્ભ (એમ્બ્રિયો)ને સ્ત્રીના ગર્ભાશયના આગળ વિકાસ માટે મૂકવામાં આવે છે.**

## IVFને લગતી ગેરમાન્યતાઓ અને વાસ્તવિકતા

### ગેરમાન્યતા ૧

**IVFને કારણે હંમેશાં જોડકાં કે ટ્રીપ્લેટ્સ બાળકો જ જન્મે છે.**

**વાસ્તવિક્તા :** ખોટી વાત. જો ગર્ભમાં ઓછી સંખ્યામાં ગર્ભ સ્થાપિત કરવામાં આવે તો જોડકાં કે ટ્રીપ્લેટ્સ બાળકો જન્મવાની શક્યતા પણ ઓછી થઇ જાય. IVF સારવાર સફળ જાય એના માટે ઓછામાં ઓછા 2-3 ગર્ભ તો સ્થાપિત કરવા જ પડે છે, તેમાંથી જોડકાં બાળકો જન્મવાની શક્યતા 30 થી 35 ટકા જ હોય છે. માત્ર 5 થી 10 ટકા કિસ્સાઓમાં ટ્રિપ્લેટ્સ બાળકો થવાની શક્યતા રહે છે. જો ગર્ભાશયમાં બે કરતાં વધારે ગર્ભ વિકસિત થયા હોય અને તમને એક કે બે જ બાળક જ જોઇતાં હોય, તો નિષ્ણાંત સોનોગ્રાફર અથવા ર્આબ્સ્ટેટ્રિશિયન સોનોગ્રાફીની મદદથી ફીટલ રિડક્શન ઓપરેશન દ્વારા ગર્ભાશયમાં રહેલાં ગર્ભની સંખ્યા ઘટાડી શકે છે.

### ગેરમાન્યતા 2

**ગર્ભાશયમાં ગર્ભ સ્થાપિત કર્યા પછી પથારીમાં ખૂબ જ આરામ જ કરવો પડે**

વાસ્તવિક્તા : ગર્ભ ગર્ભાશયમાં સ્થાપિત કરાયા પછી પણ આરામને નામે તમારી રોજિંદી જિંદગીમાં ફેરફાર લાગવાની કોઇ જરૂર નથી. હકીકતમાં વિજ્ઞાન તો એવું કહે છે કે, જે સ્ત્રીઓ ગર્ભ સ્થાપિત કરાવ્યા પછી સતત 24 કલાક સુધી બેડ રેસ્ટ કરે છે, તેમનામાં બેડ રેસ્ટ ન લેતી સ્ત્રીઓની સરખામણીએ સફળતા મળવાના ચાન્સિસ થોડા ઘટી જાય છે.

### ગેરમાન્યતા 3

**IVF સારવાર જોખમી છે.**

**વાસ્તવિક્તા :** ના, તે બિલકુલ જોખમી નથી. હકીકતમાં તો તે એકદમ ભયમુક્ત સારવાર છે. ભૂતકાળમાં માત્ર 1-2 ટકા દર્દીઓને જ ગંભીર પ્રકારના ઓવેરિયન સ્ટિમ્યુલેશન સિન્ડ્રોમ( OHSS )ને કારણે શારિરીક તકલીફ થઇ હોવાનું નોંધાયું છે. પરંતુ, હવે તો હોર્મોનલ સ્ટિમ્યુલેશન માટેની આધુનિક પધ્ધતિઓ અને ગર્ભ થીજવવાની પ્રક્રિયામાં આવેલી ક્રાંતિને કારણે મોટાભાગના IVF સેન્ટર્સ હવે OHSSથી મુક્ત બન્યા છે.

**૧૮ વર્ષનો દિકરો એક્સિડંટમાં દિકરો ગુમાવ્યો ત્યારે નક્કી કરી લીધેલું કે**

# ...ફરી બાળક લાવીશું, સુરતે અમને દિકરી આપી!

## પતિ-પત્નીએ નાસિક અને મુંબઇમાં 13 IVFની સાઇકલ કરાવી, રિઝલ્ટ ન મળ્યું-રૂપલ હોસ્પિટલમાં ચોથી સાઇકલે દિકરી જન્મી !



**સુરત |** એ દિવસે પહેલીવાર એવું લાગ્યું કે અમે જીવતા કેમ રહી ગયા? આંખ સામે કાળું ડિબાંગ અંધારું છવાઇ ગયેલું. હું અને મારા પતિ રોજ એ અંધારાને ઉલેચવાની વ્યર્થ કોશિષો કરતા અને વધારે કાળાં થઇ જતા..અમારો સત્તર વર્ષનો દિકરો એક દિવસ ઘરેથી નીકળ્યો..એ નીકળ્યો... પાછો ફર્યો જ નહીં. એક કાળમુખો એક્સિડંટ એને ભરખી ગયો. એ દિવસે જીવતા રહી ગયેલા અમને અમારા અસ્તિત્વ વિશે બહુ સવાલો થયેલા. સ્વીચ બોર્ડ પર એકાદી સ્વીચ પાડો અને અંધારા ઓરડામાં જરા-સરખું અજવાળું થાય એવા અજવાળા અને એવી સ્વીચની અમે શોધમાં હતા. મનીષા રામ દેવાંગે આ વાત કરી રહ્યા હતા ત્યારે એમનો અવાજ ધ્રુજી રહ્યો હતો. એ બોલ્યા-હવે ફરી પાછું એમાનું કશું જ યાદ નથી કરવું. દૂર-દૂર સુધી તમને રણ જ દેખાયા કરે અને પાણીનાં એકપણ ટીપાંનો આસાર નહીં હોય એવા સમયે તમારી તરસનું તમે શું કરો? અમારી હાલત પણ આવી જ હતી. અમે બહુ વિચાર્યા પછી ઇશ્વરને પડકારવાનું નક્કી કર્યું. અમે ફરી મા-બાપ બનવાનું વિચારી લીધું. એક દિકરો જતો રહ્યો તો એનાં જેવું જ બીજું બાળક અમારા ખોળામાં રમતું થાય તો અમારા અસ્તિત્વનો થોડો ભાર હળવો થાય એવું અમને લાગ્યું. ઉંમર 42 વર્ષની એટલે કુદરતી રીતે મા બનવું ફરી શક્ય ન્હોતું. નાસિકમાં જ આઇ.વી.એફ શરૂ કર્યું. ત્રણ સાઇકલ કરાવી-બધી જ અસફળ રહી. મનનાં ખૂણે હજી એવું હતું કે બાળક તો થશે જ. કોઇકે મુંબઇનાં એક ડોક્ટરનું નામ આપ્યું-અમે ત્યાં પણ ગયા. ત્યાં આઇ.વી.એફની સાત સાઇકલ કરાવી. સાતે-સાત સાઇકલ નિષ્ફળ રહી. હવે અમારો વિશ્વાસ ડગી ગયો. ઇશ્વર અમારાથી નારાજ હોય એવું લાગ્યું. ધીમે-ધીમે અમે એવું સ્વીકારવા માંડ્યા કે ઇશ્વરે એક બાળક આપેલું અને એ પાછું લઇ લીધું-હવે અમારી જીંદગી આ જ છે. જો કે-આવું સ્વીકારી લીધા પછી પણ મન ન્હોતું માની રહ્યું. મન એવું જ કહી રહ્યું હતું કે-મારો શુભમ મને પાછો જોઇએ અને કોઇપણ હાલતમાં પાછો જોઇએ.

કોઇકે અમને સુરતની રૂપલ હોસ્પિટલનો રેફરન્સ આપ્યો. અમે નાસિકથી સુરત આવ્યા. ડો.રૂપલને મળ્યા. એમને મળીને બધી વાત કરી. અમારી વાત પૂરી થઇ ત્યારે એમની આંખો પણ ભીની હતી-એ ખાલી એટલું જ બોલ્યા-કે, 'ચિંતા મત કરો, મેં તુમ્હેં બચ્ચા દૂંગી !' એ પછી અમે એ બધું જ કર્યું-જે એમણે કહેલું. ત્રણવાર પ્રયત્નો કર્યા, પણ એ બધા જ નિષ્ફળ ગયા. પણ રૂપલબેન ડગ્યા ન્હોતા. એમણે કહ્યું-મહેનત કરનારની ક્યારેય હાર નથી થતી, એક છેલ્લીવાર કોશિષ કરી લઇએ! એ છેલ્લી કોશિષ અત્યારે અમારા ખોળામાં સૂતી છે. અમને દિકરી જન્મી છે. હવે અમારું અંધારું દૂર થઇ ગયું છે. હું અને મારા પતિ બેહદ ખુશ છીએ. ભગવાનને અમે જોયા નથી પણ એ રૂપલ હોસ્પિટલમાં રહેતા હોય એવું બની શકે..!

**(નાસિકનાં મનીષા-રામ દેવાંગે સાથે થયેલી વાત પ્રમાણે)**

# કુટુંબનિયોજનનું ઓપરેશન કરાવી લીધું, અને દિકરો ગુજરી ગયો...

## મંઝીલા ડિપ્રેશનમાં જતી રહી-કુટુંબ નિયોજનનાં ઓપરેશનને કારણે કુદરતી રીતે બાળક શક્ય ન્હોતું, બેઉ સુરત આવ્યા, એમને IVFની પહેલી જ સાઇકલમાં દિકરો જન્મ્યો

**સુરત |** આ કહાની એક એવા પતિ-પત્નીની છે, જેમનાં હિસ્સામાં કિસ્મતે એક એવી રમત મૂકી આપી હતી, જેને રમ્યા સિવાય એમની પાસે છૂટકો ન્હોતો. કલકત્તા પાસે આવેલા એક નાના અમથા ગામડામાં આ પરિવાર રહે. પત્નીનું નામ મંઝીલા અને પતિનું નામ નાઝરૂલ શેખ. બે બાળકો અને પતિ-પત્ની એમ ચાર જણાનું સુખી પરિવાર. જીંદગીનો એક નિયમ છે, જ્યારે તમને એવું લાગે કે હવે ખાઇ-પીને-રાજ કરવાનું છે, ત્યાં જ અને ત્યારે જ જીંદગી એક એવી ગલીમાં વળી જાય કે ત્યાંથી મેઇન રસ્તો શોધતા નાકે દમ આવી જાય. મંઝીલા અને નાઝરૂલ સાથે પણ એવું જ થયું. બીજા સંતાન તરીકે એમને દિકરો હતો. પાંચ વર્ષની ઉંમરનાં એમનાં દિકરાને દિમાગમાં ઇન્ફેક્શન થયું અને દિકરો ગુજરી ગયો. પતિ-પત્ની ધ્રુજી ઉઠ્યા. મુસીબતોનો પ્હાડ આખેઆખા આભ સાથે માથે તૂટી પડ્યો હતો. કિસ્મતનો ખેલ કહો તો ખેલ પણ પતિ-પત્નીએ બીજા દિકરાનાં જન્મ બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન પણ કરાવી લીધેલું. હવે શું? આવો સવાલ બંનેને રોજ થતો. મંઝીલા ડિપ્રેશનમાં જતી રહી હતી. એને વારેવારે મરી જવાનાં વિચારો




આવતા. નાઝરૂલ માંડ-માંડ પોતાની જાતને સંભાળતો અને સાથે-સાથે મંઝીલાને પણ.

એક દિવસ આ પતિ-પત્ની સુરત આવ્યા. કોઇ એમને મારી પાસે લઇ આવ્યું. બંનેએ મારી સાથે વાત શરૂ કરી. અમે લગભગ એક કલાક વાત કરી. મેં એમનું મેડિકલ કાઉન્સેલિંગ કર્યું. બેઉની ઇચ્છા હતી કે-ગુજરી ગયેલો એમનો દિકરો એમની જીંદગીમાં પાછો ફરે પણ કુટુંબ નિયોજનનું ઓપરેશન એમનાં આ સપનાંની આડે આવી રહ્યું હતું. મેં એમને બે ઓપ્શન આપ્યા. પહેલો ઓપ્શન હતું કુટુંબ નિયોજનનાં થઇ ગયેલા ઓપરેશનને રિવર્સ કરવું. આ એક સસ્તો ઓપ્શન હતો પણ સર્જરી દર્દનાક હતી. જો કે-આ ઓપરેશન પછી પણ બેઉને કુદરતી રીતે બાળક રહે જ એવી શક્યતાઓ ઓછી હતી. કારણ કે મંઝીલાની ઉંમર 35 વર્ષ થઇ ગઇ હતી અને એનાં એગની ક્વોલિટી પણ ઘટી રહી હતી. બહુ વિચાર્યા પછી મેં એમને આઇ.વી.એફનો બીજો ઓપ્શન આપ્યો. પતિ-પત્ની બેઉ આ ઓપ્શન માટ તૈયાર થઇ ગયા. એને હોર્મોનલ ટ્રીટમેન્ટ આપી, એનાં એગ્સ લીધા. એગ અને સ્પર્મ ભેગા કરી એમ્બ્રિયો બનાવી ગર્ભાશયમાં મૂકી દીધા. કિસ્મતે સાથ આપ્યો અને પહેલા જ પ્રયાસમાં એને પ્રેગ્નન્સી રહી ગઇ. એનાં ઘરે હવે એનો દિકરો પાછો ફરી રહી ગયો છે. પતિ-પત્ની બંને બહુ જ ખુશ છે અને ચાર જણાનું પરિવાર ફરીથી કલકત્તાનાં ગામડામાં શાંતિપૂર્ણ જીવન પસાર કરી રહ્યું છે. **-ડો.રૂપલ શાહ**




# લૂઇ બ્રાઉન : દુનિયાની પહેલી ટેસ્ટ ટ્યૂબ બેબી

**સુરત |** 25મી જુલાઇ, 1978નો દિવસ એક ઐતિહાસિક દિવસ હતો. ઐતિહાસિક દિવસ એટલા માટે કારણ કે આ દિવસે અનેક સ્ત્રીઓ માટે આશાનાં એક નવા દરવાજા ખોલી આપેલા. દરેક સ્ત્રી પોતાની ઉમ્મીદ પર ભરોસો કરી શકે એવું કામ વિજ્ઞાને, મેડિસીને કરી આપેલું. આ દિવસે ગ્રેટ બ્રિટનમાં એક દિકરી જન્મી. આ દિકરી કોઇ સામાન્ય દિકરી ન્હોતી. આ દિકરી કોઇ પરંપરાગત પદ્ધતિથી એટલે કે સ્ત્રી-પુરૂષનાં સમાગમથી જન્મી ન્હોતી. આ દિકરી એક વૈજ્ઞાનિક દ્વારા નિઃ સંતાનપણાંની સારવાર માટે થઇ રહેલી એક ક્રાંતિકારી શોધનાં ફળ સ્વરૂપે જન્મી હતી. આ દિકરીનું નામ છે લૂઇ બ્રાઉન અને આખી દુનિયા એને વિશ્વની પહેલી ટેસ્ટ ટ્યૂબ બેબી તરીકે ઓળખે છે.

## 25મી જુલાઇ, 1978નાં દિવસે લાખો સ્ત્રીઓને એવું શીખવ્યું કે તમારી ઉમ્મીદ સાચી પડી શકે છે

# IVF સારવાર શરૂ કરતાં પહેલાં કરવામાં આવતી જરૂરી તપાસ

## ટ્રાન્સવજાઈનલ સોનોગ્રાફી



જ્યારે નિ:સંતાન સ્ત્રી પહેલવહેલી વાર IVF સેન્ટરની મુલાકાત લે ત્યારે અને ત્યારબાદ તેનું માસિક શરૂ થયાના બે-ત્રણ દિવસમાં સ્ત્રીની ટ્રાન્સ-વજાઇનલ સોનોગ્રાફી કરવામાં આવે છે. જેની મદદથી સ્ત્રીના ગર્ભાશય કે ગર્ભાશયના આંતરિક પડ (endormetrium)માં અથવા તો બીજાશયમાં સ્ત્રીબીજની સંખ્યા(antral follicle count-AFC) બરાબર છે કે નહીં. તે જાણી શકાય છે.

## પતિ-પત્નીનાં લોહીની તપાસ



પતિ-પત્નીનાં લોહીની પ્રાથમિક તપાસ કરવામાં આવે છે, સાથે હોર્મોનની તપાસ તેમજ જુદા-જુદા ચેપની તપાસ પણ ટેસ્ટ કરવામાં આવે છે. કેટલા ક દંપતીઓમાં રંગસૂત્ર (જિનેટિક્સ) ની તપાસ પણ કરવામાં આવતી હોય છે.



## વીર્યનું પરીક્ષણ



વીર્યમાં રહેલા શુક્રાણુઓની સંખ્યા કેટલી છે, શુક્રાણુની ગુણવત્તા કેવી છે તેમજ તેની ગતિશીલતા બરાબર છે કે નહીં તેની લેબોરેટરીમાં તપાસ કરવામાં આવે છે. જો વીર્ય અને શુક્રાણુ બધી જ રીતે બરાબર હોય તો તેને ભવિષ્યમાં આકસ્મિક સંજોગોમાં ઉપયોગ થઈ શકે એ માટે ફ્રિઝ કરીને રાખવામાં આવે છે.

## હિસ્ટેરોસ્કોપી

IVF ટ્રીટમેન્ટ પહેલાં હિસ્ટેરોસ્કોપી કરવી જરૂરી છે. સ્ત્રીનું ગર્ભાશય બાળકને ધારણ કરી શકે એ માટે તંદુરસ્ત છે કે નહીં, તે જાણવા માટે હિસ્ટેરોસ્કોપી સૌથી ઉત્તમ તપાસ છે. આ માટે સ્ત્રીનું માસિક શરૂ થાય એના આગલા અઠવાડિયામાં જનરલ એનેસ્થેશિયા હેઠળ નાનકડી તપાસ કરવામાં આવે છે. આ તપાસ યોનિમાર્ગમાંથી ગર્ભાશયમાં હિસ્ટેરોસ્કોપ મશીન દાખલ કરી કરવામાં આવતો હોવાથી શરીર પર કોઇપણ પ્રકારનો કાપ મૂકવા પડતા નથી. અને દર્દી ચાર-પાંચ કલાકમાં હોસ્પિટલથી ઘરે પણ જઇ શકે છે.







## આઇ.વી.એફ. ટ્રીટમેન્ટના પ્રણેતા

**નોબલ પારિતોષિક વિજેતા, ડો. રોબર્ટ એડવર્ડ આ ચમત્કારિક સારવારના પ્રણેતા છે. જે નિ:સંતાન દંપતીઓ માટે પોતાનું બાળક ન હોવું એ એક સપનું હતું, એમને માટે આ સારવાર આશાનું કિરણ છે. ટેસ્ટ-ટયુબ બેબીની સારવાર થી લાખો નિસહાય નિ:સંતાન દંપતીઓ ના જીવનમાં ખુશીની લહેર આવી છે.**



## હિસ્ટેરોસ્કોપી કઇ રીતે મદદરૂપ છે ?

- હિસ્ટેરોસ્કોપીની મદદથી અમે જાણી શકીએ છીએ કે, ગર્ભાશયનું આંતરિક પડ (endometrium) કે જ્યાં આઇવીએફ સારવારમાં ગર્ભ (Embryo) મુકવામાં આવતા હોય છે,તે બરાબર છે કે નહીં,. જો એમાં કાંઇ તકલીફ હોય તો આ પ્રક્રિયા ની મદદથી એ દૂર કરીને IVFની સફળતાના ચાન્સિસ વધારી શકાય છે.
- એક જ બેઠકમાં ગર્ભાશયની દીવાલમાં થોડા ઘસરકા (endometrial scratching) કરી આપવામાં આવે છે, જેથી ગર્ભ બરાબર સ્થાપિત થઇ શકે અને સફળતાનો દર વધે.
- કેટલાક કિસ્સાઓમાં ગર્ભાશયની દીવાલમાં કોઇ ઇન્ફેક્શન, ખાસ કરીને ટીબી છે કે નહીં તે જાણવા માટે ગર્ભાશયની દીવાલની બાયોપ્સી કરવામાં આવે છે. આ બાયોપ્સી દ્વારા લીધેલા નમૂનાઓને લેબોરેટરીમાં TB PCR ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવે છે.

## બધા ડોક્ટર્સે કહેલું ડોનર એગથી મા બની શકશો

# PRPથી પોતાના જ એગ્સ મળ્યા, હવે મારું બાયોલોજીકલ બાળક જન્મશે !

**સુરત ।** 'તમે માતા બની શકશો પણ તમારે ડોનર એગ લેવા પડશે' સબા કુરેશીને મોટાભાગનાં ગાઇનેકોલોજીસ્ટ્સે આવું કહ્યું ત્યારે એમનાં પગ નીચેથી જમીન ખસી ગયેલી. સંતાન હોય તો પોતાનાં જ લોહીમાંથી, પોતાનાં જ માંસમાંથી ઘડાયેલું હોવું જોઇએ. સબા કહે છે કે-હવે મને ડોનર એગથી જ બાળક થઇ શકે..આવું જેટલીવાર સાંભળ્યું એટલીવાર મારી છાતીમાં તિરાડ પડતી. મને મારું પોતાનું બાળક જોઇતું હતું, માય બાયોલોજીકલ ચાઇલ્ડ. ડોક્ટર્સ કહેતા હતા કે મારું એમ.એચ.લેવલ બહુ લો છે અને ઇન્ફર્ટિલિટીનાં ઇશ્યૂ છે એટલે મા બનવાની આખી ઘટના બહુ મુશ્કેલ છે. અમે ડો.રૂપલ શાહને મળ્યા. રૂપલબેને અમારી વાત સાંભળ્યા પછી અમને પી.આર.પી ટ્રીટમેન્ટ વિશે કહ્યું. આ એક નવી પ્રોસિજર હતી. રૂપલબેને કહ્યું કે 'જ્યારે કશું જ શક્ય નથી એવી ખબર છે તો એક પ્રયત્ન કરી જોવામાં શું જાય છે?!' ઇન્ટરનેટ પર બહુ બધુ રિસર્ચ કર્યું અને રૂપલબેનની વાત માની લીધી. ટ્રીટમેન્ટ શરૂ કરાવી. આ ટ્રીટમેન્ટ એકદમ પેઇનલેસ હતી અને બીજા દિવસથી જ હું કામ પણ કરવા માંડી હતી. આ ટ્રીટમેન્ટની પહેલી જ સાઇકલમાં મારા પોતાનાં એગ્સ બન્યા. અત્યારે પાંચ મહિનાની પ્રેગ્નન્સી છે અને થોડા જ સમયમાં હું મારા બાયોલોજીકલ બાળકને જન્મ આપીશ. (સબા કુરેશી સાથે થયેલી વાત પ્રમાણે)



---

# જન્મથી જ ગર્ભાશય ન્હોતું, લોન લઇને સરોગસી કરાવી : આજે બે ટ્વીન્સ છે

**સુરત ।** અમિતાને જન્મથી જ ગર્ભાશય ન્હોતું. પ્રેમમાં પડી ત્યારે એણે વિપુલને સૌથી પહેલા એવું કહી દીધેલું-મારે ગર્ભાશય નથી..! સામાન્ય રીતે આવી વાતો પર લગ્ન તૂટી જતા હોય છે પણ અહીંયા તો પ્રેમ હતો અને પ્રેમમાં આવી કોઇ મજબૂરીઓ આડે આવતી નથી. જો કે-પરિવારમાં આ વાત નહીં કરવાની એવું નક્કી કરાયું. રખે ને, આ વાતને કારણે પરિવાર લગ્નની ના પાડી દે તો ! બંને પરણી ગયા. સંતાન થવાનું નથી એની બંનેને ખબર હતી. બંનેએ એવું ઇચ્છ્યું પણ નહીં. એકમેકને પ્રેમ કરતા-એકમેકનાં પ્રેમમાં જીંદગી પસાર થઇ જ જશે એવું બંનેએ નક્કી કરી લીધેલું. લગ્નનાં ચાર-પાંચ વર્ષ પછી બેઉ પર સંતાનનું પ્રેશર ઊભું થયું. હવે ધીમે-ધીમે એ બંનેને પણ એવું થવા માંડ્યું કે બાળક તો હોવું જ જોઇએ ! બંનેએ ડો.રૂપલ શાહનો સંપર્ક કર્યો. ગર્ભાશય ન્હોતું એટલે એમની પાસે સરોગસી સિવાય બીજો કોઇ ઓપ્શન ન્હોતો. એમની આર્થિક સ્થિતિ જોતા સરોગસીનો ઓપ્શન એમના માટે યોગ્ય ન્હોતો. ડો.રૂપલ શાહે એમને સમજાવ્યા. એમને કહ્યું કે જો તમારી બેન, દેરાણી, નણંદ કોઇપણ સરોગસી કરવા તૈયાર થાય તો વાંધો નહીં આવે. એમની દેરાણી તૈયાર થઇ ગઇ. એ મહારાષ્ટ્રનાં એક નાનકડા ગામડામાં સાસુ સાથે રહેતી હતી. દેરાણીનાં ગર્ભાશયમાં આ આઇ.વી.એફ ટ્રીટમેન્ટ કરાઇ. એને ગર્ભ રહ્યો. ટ્વીન્સ હતા. અમીતા ખુશ થઇ ગઇ. એ અને વિપુલ બે નાના બચ્ચાંઓની આગતા-સ્વાગતાનાં સ્વપ્નોમાં ખોવાઇ ગયા. રોજ સવાર પડે બંને જણ ઇશ્વરને થેંક યુ કહે. બે બાળકો સાથે પોતાનું પરિવાર એક પૂર્ણ પરિવાર બનવા જઇ રહ્યું છે એ વાતે વિપુલ સાતમા આકાશમાં પહોંચી જતો. ત્યાં જ જીંદગી એક બહુ મોટો ટ્વીસ્ટ લઇ આવી. પરિવારમાં ઝગડો થયો. દેરાણીને ગુસ્સો આવ્યો અને એણે દવા લઇ ગર્ભમાં આકાર લઇ રહેલા જેઠ-જેઠાણીનાં બંને બચ્ચાઓને અબોર્ટ કરી નાંખ્યા. અમિતા-વિપુલનાં માથે આખેઆખું આકાશ પછડાયું. સરેઆમ સુખનું, સપનાનું, ઇચ્છાનું મર્ડર થઇ ગયું અને બેઉ જોતા રહી ગયા. અમિતા ભાંગી પડી. વિપુલ પણ હતાશ થઇ ગયો. બેઉનાં મનમાંથી બચ્ચાં ખસતા ન્હોતા. બાળક જોઇએ જ છે એવું નક્કી કરી લીધેલું બેઉએ. ફરી ડો.રૂપલ શાહ પાસે આવ્યા. સરોગસીથી બાળક લાવવું એવું નક્કી થયું. બેઉએ થોડા પૈસા ભેગા કરી ડાઉન પેમેન્ટ ભર્યું અને લોન લીધી. સરોગેટ મધરની ટ્રીટમેન્ટ ચાલુ થઇ. એને પ્રેગ્નન્સી રહી-પણ પાંચમા મહિને મેડિકલ તકલીફ ઊભી થતા બાળકને ફરી એબોર્ટ કરી નાંખવું પડ્યું. હવે અમિતા અને વિપુલ કશુંજ બોલી શકવાની સ્થિતિમાં ન્હોતા. માતૃત્વ અને પિતૃત્વની પ્રબળ ઝંખના પર સંજોગો હાવી થઇ જતા હતા અને બંને જણ નિ:સહાય થઇને કશું જ કરી શકતા ન્હોતા. બેઉએ નક્કી કર્યું-લાસ્ટ ચાન્સ બેઉએ ફરી લોન લીધી. ફરી સરોગસી કરવાનું નક્કી કરાયું. ડો.રૂપલ શાહે એક્સ્ટ્રા પ્રિકોશન્સ લીધા અને સરોગસી કરાવી. અત્યારે અમિતા અને વિપુલને ટ્વીન્સ બચ્ચા છે. ચાર જણાનો આ પરિવાર સુખની જીંદગી જીવી રહ્યો છે.

માતૃત્વ અને પિતૃત્વની પ્રબળ ઝંખના હોય તો આઇ.વી.એફની સાઇકલ સફળ થતી જ હોય છે, માત્ર પોઝિટિવિટી અને ડોક્ટરે કહેલા નિર્દેશોને પાળવાને જરૂર છે.

**અમિતાને ગર્ભાશય ન્હોતું, સરોગસીનાં પૈસા ન્હોતા-દેરાણીએ ગર્ભમાં ઉછરી રહેલા પોતાનાં સંતાનો એબોર્ટ કરી નાંખ્યા પછી પતિ-પત્નીએ લોન લીધી, બે વાર સરોગસી થઇ અને હવે બંનેને ટ્વીન્સ છે**

### ત્રેવીસ વર્ષનાં એક છોકરાએ કહ્યું-મારી બહેન ગુજરી ગઇ છે

# મારી મમ્મીને બાળક જોઇએ છે, તમે એને મદદ કરો ને પ્લીઝ !

## મમ્મીને ભૂતકાળમાં બે-ત્રણવાર મિસ કેરેજ થઇ ગયેલું, એકવાર ફેલોપિયન ટ્યૂબમાં પ્રેગ્નન્સી રહેલી, બરાબર ચેકઅપ કરી IVFની પહેલી સાઇકલમાં દિકરી જન્મી

**સુરત ।** 'મેમ, તમને મળવું છે!' બાવીસ-ત્રેવીસ વર્ષનાં એક છોકરાનો ફોન આવ્યો. મેં એને કારણ પૂછ્યું. એ થોડો ખચકાયો. ધીમે રહીને બોલ્યો-મેમ, રૂબરૂમાં વાત કરીએ તો? મેં એને હોસ્પિટલ પર મળવા બોલાવ્યો.

બીજા દિવસે બપોરે લગભગ ત્રણેક વાગ્યાની આસપાસ બાવીસ-ત્રેવીસ વર્ષની ઉંમરનો એક છોકરો વ્હાઇટ ટી શર્ટ અને જીન્સ પહેરીને મારી ચેમ્બરમાં દાખલ થયો. છોકરો થોડો મૂંઝાયેલો લાગતો હતો. એને પહેલીવાર જોઇને એવું લાગ્યું કે-નાની ઉંમરમાં લગ્ન થયા હશે અને પત્નીને પ્રેગ્નન્સી નહીં રહેતી હોય એટલે આવ્યો હશે. મેં એને સામેની ખુરશીમાં બેસવા કહ્યું. એ બેઠો. બોલતા પહેલા સામે મૂકેલા ગ્લાસમાંનું બધું પાણી ગટગટાવી ગયો. હું એને જોતી જ રહી. એનાં કપાળે પરસેવો બાઝી રહ્યો હતો. એણે ગળામાંથી થૂંક નીચે ઉતાર્યું અને બોલવાનું શરૂ કર્યું

'મેમ, મારી ઉંમર ત્રેવીસ વર્ષની છે. હું મુંબઇનો છું. મારી મમ્મીની ઉંમર 45 વર્ષની છે. મારી મમ્મીને બાળક જોઇએ છે, તમે એને મદદ કરો ને પ્લીઝ !' એક જ શ્વાસે આ છોકરો આવું બોલી ગયો.



મને ખૂબ નવાઇ લાગી. મારી સામે બેઠેલો ત્રેવીસ વર્ષનો છોકરો એની માને પ્રેગ્નન્સી રહે એ માટે કરગરી રહ્યો હતો. મેં એ છોકરા સામે ધારી-ધારીને જોયા કર્યું. એની આંખો હવે ભીની થઇ રહી હતી. એ બોલ્યો, મારી એક બહેન હતી. ગુજરી ગઇ હમણાં જ. મારી મમ્મી ડિપ્રેશનમાં જતી રહી છે. એને સાજી કરવા માટે તમે મને એક ભાઇ અથવા તો બહેન લાવી આપો, બસ !

એ છોકરાને રડતો જોઇ મારી આંખોમાં પણ પાણી આવી ગયા. જીંદગી અને કિસ્મત બેઉ જ્યારે એક જ પલ્લામાં બેસી જાય ત્યારે માણસોએ આવી અઘરી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. મને પેલા છોકરા પર માન થઇ આવ્યું. મેં એને કહ્યું, લઇ આવ તારી મમ્મીને અહીંયા. એનું ડિપ્રેશન પણ જતું રહેશે અને એની ઇચ્છા પણ પૂરી થશે.

એ એની મમ્મીને મારી પાસે લઇને આવ્યો. એની મમ્મી ભૂતકાળમાં જીવતી હોય એવું લાગતું. એનો ચહેરો ખૂબ થાકેલો હતો. એમની હિસ્ટ્રી તપાસી તો ખબર પડી કે એમને બે-ત્રણ વાર મિસકેરેજ થઇ ગયું હતું. એકવાર ફેલોપિયન ટ્યૂબમાં પ્રેગ્નન્સી રહી ગયેલી. મેં એમની ટ્રીટમેન્ટ શરૂ કરી. લગભગ 2 મહિના પછી અમે આઇ.વી.એફની પહેલી સાઇકલ શરૂ કરી. સાઇકલ સક્સેસ ગઇ અને એમને ત્યાં દિકરીનો જન્મ થયો.

જે દિવસે એમને દિકરી જન્મી એ દિવસે સૌથી વધારે ખુશ પેલો ત્રેવીસ વર્ષનો છોકરો હતો. મેં એની હથેળીઓ વચ્ચે એની બહેનને મૂકી ત્યારે એ રડી પડ્યો અને એટલું જ બોલ્યો-થેંક યુ !!

ત્રેવીસ વર્ષનાં એક ભાઇએ એની મૃત્યુ પામેલી બહેનને પાછી મેળવી !



**ખાસ નોંધ : આ એક એવી કહાની છે, જેને વાંચતી વખતે તમારી ગળે ડૂમો બાઝી જાય એવું બને-આંખો પણ ધૂંધળી બની શકે. પણ કહાની વાંચતા-વાંચતા વચ્ચેથી અટકી ના જતા. વાંચજો-છેલ્લે સુધી. કારણ કે આ કહાની-એક માની ઓછી અને એક પત્નીની વધારે છે. એક સ્ત્રીનાં પત્નીત્વથી એનાં માતૃત્વ સુધીની સફર છે !**

## કોરોનાને કારણે પતિ સાથ છોડી ગયા

# પણ એમ્બ્રિયોઝ સાચવી રાખજો, મારે એમનું જ સંતાન જોઇએ છે!



## કોરોનામાં પતિ ગુજરી ગયા બાદ પત્ની આઇ.વી.એફની મદદથી પતિ સાથેનું બાયોલોજીકલ બાળક મેળવી રહી છે

**સુરત ।** ચાર-પાંચ મહિના પહેલા એક બહેન આવ્યા. એમનાં પતિ પણ સુરત બહારથી એમની સાથે આવે. પતિ એકદમ હસમુખા અને જોલી. એમની સેન્સ ઓફ હ્યુમર પણ બહુ જ મજાની. લગ્નનાં આંઠ વર્ષ બાદ પત્નીને પ્રેગ્નન્સી રહેતી ન્હોતી. એની આઇ.વી.એફની ટ્રીટમેન્ટ ચાલી ત્યારે એક દિવસ પતિ હસતા-હસતા કહે-હું અને મારું આવનારું બાળક-અમે બંને બાળકો ઘરમાં એકસાથે કેવા લાગશું? પતિ આવું બોલે અને પત્ની ખડખડાટ હસે. એમની આ મજાક જોઇને અમારી હોસ્પિટલનો સ્ટાફ પણ અંદરોઅંદર એમનાં સુખનાં ઓવારણાં લેતો રહે. એમની આઇ.વી.એફની ટ્રીટમેન્ટ ચાલી રહી હતી. પહેલી સાઇકલ ફેઇલ ગઇ. સાઇકલ ફેઇલ જાય ત્યારે જો વધારે બેબીઝ મળે તો અમે એને ફ્રીઝ કરી લઇએ. પતિ-પત્ની બેઉ બહુ પોઝિટિવ. પહેલી સાઇકલ ફેઇલ ગઇ ત્યારે પતિએ માયૂસ થવાને બદલે હસતા-હસતા કહેલું-મારું બાળક થોડું જીદ્દી છે, આમ સહેલાઇથી નહીં આવે કદાચ !

થોડા સમય બાદ બંને હોસ્પિટલે આવતા બંધ થઇ ગયા. અમે પણ કામમાં પડી ગયા એટલે બહુ ધ્યાન પર લીધું નહીં. અચાનક એક મહિના પહેલા પત્નીનો ફોન આવ્યો. એનો અવાજ થોડો ભારી લાગી રહ્યો હતો. એણે સૌથી પહેલા એક જ સવાલ કર્યો-બેન, મારા એમ્બ્રિયો હજીપણ તમારી પાસે ફ્રીઝ થયેલા છે? અમે હા પાડી. એમનાં અવાજમાં થોડી હળવાશ ભળી. સારું તો થોડા દિવસમાં હોસ્પિટલે આવી જઇશ એવું કહી એમણે ફોન મૂકી દીધો.

અમને લાગ્યું કે કામમાં પડી ગયા હશે એટલે આવી નહીં શક્યા હોય. લગભગ દસેક દિવસ બાદ એ બહેન અમારી સામે ખુરશી પર બેઠા હતા. એમની આંખો ઉંડી ઉતરી ગઇ હતી. આંખની નીચે કાળા કુંડાળા પડી ગયેલા. ચહેરો મુરઝાયેલો લાગી રહ્યો હતો. ગળું ખાલી હતું. ન તો એકપણ દાગીના પહેર્યા હતા, ન તો મેકઅપ કર્યો હતો.

એ બહેને બોલવાનું શરૂ કર્યું, ‘બેન, મારા પતિને એપ્રિલમાં કોવિડ થયેલો. બહુ દવા કરી. કોવિડમાંથી મ્યુકર માઇકોસિસ થઇ ગયો અને મારા પતિ ગુજરી ગયા.’

એ હજી આગળ બોલી રહી હતી. પણ અમારા કાન જાણે બંધ થઇ ગયેલા. અમને હતું કે એ એવું કહેશે કે હવે મારા એમ્બ્રિયોઝ કાઢી નાંખો... પતિ જ નથી રહ્યા ત્યારે... !

પણ..અમારા સખત આશ્ચર્યની વચ્ચે એ એટલું જ બોલ્યા. એ એમ્બ્રિયોઝ સાચવી રાખજો. હું દસેક દિવસ બાદ ફરીથી આવીશ. મારે ફરી ટ્રીટમેન્ટ શરૂ કરવી છે. મારા પતિનો અંશ મારી પાસે રહે એ બહુ જરૂરી છે. તમે મને સિંગલ મધર આઇ.વી.એફ કરી આપશો?

એ દિવસે અમારી આંખમાં આંસુ હતા. એમની ટ્રીટમેન્ટ શરૂ થઇ ગઇ છે અને અત્યારે અમે પોઝિટિવ રિઝલ્ટની રાહ જોઇ રહ્યા છીએ.

એક સ્ત્રી જ આવું કરી શકે કદાચ... એક પત્ની જ આવું કરી શકે કદાચ..અને એક મા જ આવું કરી શકે કદાચ... !!

## પતિ અને પત્નીની માતૃત્વ તેમજ પિતૃત્વ મેળવવાની અદમ્ય ઇચ્છા

# માતા-પિતા આઇ.વી.એફ કરાવી દિશાંકને ફરી પાછો લઇ આવ્યા

## દિકરાને પાછો લાવવા માટે IVF પસંદ કર્યું, 11 વખતનાં પ્રયત્નો બાદ IVF અને સરોગસીની મદદથી જરીવાલા પરિવારને ત્યાં દિકરા જન્મ્યો

**સુરત।** એ બે વાહનો વચ્ચે થયેલો અકસ્માત ન્હોતો, ઘણી બધી જીંદગીઓ વચ્ચે થયેલો અકસ્માત હતો. એક સીધા પાટે જઇ રહેલી જીંદગીને પાટેથી નીચે ફેંકી દેનારો અકસ્માત હતો. હજી આજે પણ આ અકસ્માત યાદ આવે છે અને કાન-આંખ-નાક-છાતી બધું જ ચીરાઇ જાય છે. કમલભાઇ જરીવાલા આ વાત કહી રહ્યા હતા ત્યારે એમની આંખોમાં થોડીવાર માટે અકસ્માતનો ભય ડોકાઇ આવ્યો. વાત એવી છે કે-2016માં સુરતનાં રસ્તાઓ પર એક ભયંકર અકસ્માત થયો. આ અકસ્માતમાં કમલભાઇ અને રાજેશ્રીબેનનો 18 વર્ષનો દિકરો દિશાંક ગુજરી ગયો. અઢાર વર્ષે મતાધિકાર મળે, નિર્ણયો લેવાનો પરવાનો મળે-એ ઉંમરે દિકરાનું અચાનક ચાલ્યા જવું-સહેલું ન્હોતું. કમલભાઇ અને રાજેશ્રીબેને દિકરાનાં ઓર્ગન ડોનેટ કરી દીધા અને દિકરાને ભારેહૈયે વિદાય પણ આપી દીધી.

દિકરાની બધી જ વિધિઓ પૂરી થઇ ગઇ એ પછી કમલભાઇને એક વિચાર આવ્યો-દિશાંકને ફરી પાછો ઘરે લઇ આવવાનો ! એમણે આ વાત પત્નીને કરી. સુગરની બિમારી ધરાવતી 46 વર્ષની પત્ની પણ તૈયાર થઇ ગઇ. હવે પતિ-પત્ની બંનેએ નક્કી કરી લીધું કે-કંઇપણ થઇ જાય, દિશાંક ફરી પાછો ઘરે આવશે જ ! બંને પતિ-પત્નીએ રિસર્ચ ચાલુ કર્યું. લોકોએ કહ્યું-આઇ.વી.એફ કરાવો. એમણે ડો.રૂપલ શાહનો સંપર્ક કર્યો. સામાન્ય મેડિકલ ચેકઅપ પછી રાજેશ્રીબેનની આઇ.વી.એફની ટ્રીટમેન્ટ શરૂ થઇ. કમલભાઇ કહે છે કે-ટ્રીટમેન્ટ શરૂ કરી ત્યારે અમારો ગોલ એક જ હતો-અમારા દિશાંકને ઘરે પાછો લઇ આવવાનો. આ માટે જે કંઇપણ કરવું પડે એ બધું જ કરવાનું નક્કી કરેલું. અમને એવી પણ ખબર હતી કે અમારે તપ કરવું પડશે-પ્રતીક્ષાનું તપ અને આ તપ કરવા અમે બંને તૈયાર હતા. અમે પહેલું આઇ.વી.એફ કરાવ્યું, નિષ્ફળ ગયું. બીજું કરાવ્યું એ પણ નિષ્ફળ ગયું, ત્રીજું કરાવ્યું એ પણ નિષ્ફળ ગયું. એમ કરી અમે ચાર આઇ.વી.એફ કરાવ્યા. બધા જ નિષ્ફળ ગયા. એ પછી સરોગસી માટે કોશિષ કરી. 6 સરોગસીમાં 3 સરોગેટ માતાઓ બદલવી પડી. ચોથી સરોગેટ માતા થકી અમારા ઘરે અમારો દિશાંક પાછો આવ્યો.



